**ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ , ગુજરાત સરકાર**

**ઓફીસ: જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રથમ વર્ષ ફીઝીઓથેરાપી ,બી.એસ.સી.નર્સિંગ, જી.એન.એમ એ.એન.એમ.,**નેચરોપથી** ,ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ ,ઓપ્ટોમેટ્રિ અને ઓક્યુપેશનલ થેરાપી અભ્યાસક્રમો માટે ઓનલાઈન પીન વિતરણ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન લંબાવવા માટેની જાહેરાત

ગુજરાત બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન બોર્ડ, કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગની ગુજરાત રાજ્યમાં આવેલ સ્કુલોમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ ના ધોરણ-૧૨ અને અગાઉ ના વર્ષોમાં બોર્ડ દ્વારા ( વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ ,ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ) લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી / કામદાર રાજ્ય વિમા નિગમ / મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના **ઓનલાઈન પીન વિતરણ અને ઓનલાઈન રજીસ્ટ્રેશનનો લંબાવેલ કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવશે.**

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧. | પ્રવેશ સમિતિ ની વેબસાઈટ પરથી ઓનલાઈન પીન ખરીદી | ૨૨/૦૯/૨૦ સવાર ના ૧૧.૦૦ થી | ૨૫/૦૯/૨૦ રાત્રે ૧૧.૦૦ સુધી |
| ૨. | ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્રો અપલોડ માટે | ૨૨/૦૯/૨૦ સવાર ના ૧૧.૦૦ થી | ૨૫/૦૯/૨૦ રાત્રે ૧૧.૫૫ સુધી |

- ઓનલાઈન પીન પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org પર માંગેલ પ્રાથમિક માહિતી પૂરી પાડયા બાદ રૂ. ૨૦૦/- ( નોન રીફંડેબલ )ની ઓનલાઈન ચુકવણી કર્યા પછી તમારા રજીસ્ટર મોબાઇલમાં USER ID અને PIN મોકલવામાં આવશે.
- પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવના ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સેન્ટર ( સૂચી પ્રવેશ સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ છે ) ઉપર રજીસ્ટ્રેશન ની સુવિધા મેળવી શકશે.
- ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org પર લોગ ઇન કરી રજીસ્ટ્રેશનની પાર્ટ -૧ ની પ્રક્રિયા અને પાર્ટ -૨ માટે સંબધિત પ્રમાણપત્રો અપલોડ કરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની તથા તેની રૂબરૂ ચકાસણી કરવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો,તેમના વાલીઓ અને તમામ અન્ય સંલગ્ન વ્યક્તિઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી સમયાંતરે પ્રવેશ સમિતિની વેબસાઇટ www.medadmgujarat.org ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
- **ખાસ નોંધ- વર્ષ ૨૦૨૦ ની પુરક (સપ્લીમેન્ટરી) પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારો ને નિયમ મુજબ આ વર્ષે પ્રવેશ મળવાપાત્ર નથી.**

સભ્ય સચિવ

મેમ્બર સેક્રેટરી
ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ & એલાઇડ
મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ
જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ
ગાંધીનગર